**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા દિવાળીના તહેવારોમાં મોડે સુધી વેપારીઓ મુકત મને વેપાર-ધંધો કરી શકે તે માટે છુટછાટ આપવા માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય ગૃહમંત્રીશ્રી સમક્ષ ભારપૂર્વક રજુઆત...**

હાલ સમગ્ર દેશમાં અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતમાં કોરોના નહિવત થઈ ગયેલ છે.  રાજયના ૮ મહાનગરોમાં રાત્રી કર્ફ્યુનો સમય રાત્રીના ૧૨ થી ૬ સુધીનો રાખેલ છે અને વેપાર-ધંધા માટે દુકાનો ચાલુ રાખવા માટે રાત્રીના ૧૦ વાગ્યા સુધીની છુટ આપેલ છે. જેના કારણે દિવાળીના પાવન તહેવારની ઉજવણીમાં તથા ખરીદ-વેચાણમાં વેપારીઓ તથા આમ પ્રજાજનોને રાત્રી કર્ફ્યુ ખુબ જ અવરોધરૂપ બની રહયું છે.

દિવાળીના તહેવાર દરમ્યાન બજારોમાં મોડે સુધી લોકોની અવર-જવર અને ખરીદી થતી હોય છે. કોરોના મહામારી દરમ્યાન સતત બે વર્ષથી વેપારીઓ આર્થિક મંદીનો સામનો કરી રહયા છે. વેપારીઓને દિવાળીના તહેવારોમાં વેપાર-ધંધો કરવાની આશા જાગી છે. ત્યારે દિવાળીના તહેવારોમાં વેપારીઓ મોડે સુધી મુકતમને વેપાર ધંધો કરી શકે તે માટે છુટ આપી ૧૫ દિવસ માટે રાત્રી કર્ફ્ય દુર કરવા રાજકોટ ચેમ્બર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.